| | |
|---|---|
| કેસ દાખલ તારીખ: | ૧૩–૧૦–૨૦૨૨ |
| કેસ નોંધણી તારીખ: | ૧૩–૧૦–૨૦૨૨ |
| કેસ ફેંસલ તારીખ: | ૦૨–૦૩–૨૦૨૩ |
| સમયગાળો: | વર્ષ–માસ–દિવસ |
| | |

---

**મે.ઝઘડીયાના એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમા,**
**મુ : ઝઘડીયા.**

---

**ક્રી.કેસ નં.૩૦૩૫/૨૦૨૨**
**આંક :**

**ફરીયાદી** **:–** સરકારશ્રી

**–:: વિરુધ્ધ ::–**

**તહોમતદાર** **:–** કોકીલાબેન શશીકાંતભાઈ વસાવા
રહે:દઘેડા,તા.ઝગડીયા, જી.ભરૂચ.

---

**ગુનો:– પ્રોહીબીશન એકટ કલમ–૬૫( એ )( એ ) મુજબ**

---

| | |
|---|
| **ફરીયાદી તરફે વિદવાન એ.પી.પી.શ્રી એન.પી.ઉમરીયા** |
| **આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી એમ.એલ.વસાવા** |

# JUDGMENT

1. આ કામના આરોપી વિરૂધ્ધ ધિ ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુન્હાનો આરોપ છે. આરોપી પાસેથી વેચાણ માટેનો દેશી દારૂ ૦૩ લીટર મળી આવ્યાનો આરોપ છે.

2. આરોપી સામેનું ચાર્જશીટ રજુ થતા ગુન્હાનું સંજ્ઞાન લઈ આરોપી સામે પ્રોસેસ કાઢતા આરોપી હાજર થયેલ છે. આરોપીને પોલીસ પેપર્સની નકલો આપી તહોમતનામું આંક–૦૩ થી ફરમાવીને આંક–૦૪ થી પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલો છે. આથી, આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામા આવેલી છે.

3. સદરહુ કેસના ન્યાયીક નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

| મુદ્દા નં | વિગત | તારણ |
|---|---|---|
| ૧ | શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ પોતાના કબજામાં પાસ પરમીટ વગર દેશી દારૂ ૦૩ લીટર કિંમત રૂપીયા ૬૦/– નો વેચાણ કરવાના ઈરાદે રાખીને ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો આચરેલો છે ? | નકારમાં |
| ૨ | શું આખરી હુકમ ? | નિર્દોષ છુટકારો |

4. આરોપી સામેનું તહોમત પુરવાર કરવા માટે પ્રોસીકયુશને કુલ્લે ૩ સાક્ષી તપાસેલા છે અને બે દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. પ્રોસીકયુશનનો પુરાવો બંઘ થતા અને આરોપી સામે વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ના હોય વિશેષ નિવેદન નોં ધવામાં આવેલ નથી અને બંને પક્ષની દલીલો સાંભળી જજમેન્ટ જાહેર કરેલુ છે.

5. સૌપ્રથમ આક્ષેપીત કલમ વંચાણે લઈએ તો તે નીચે મુજબ છે. **65AA. Punishment for possession etc. of lesser quantity of intoxicant -** Notwithstanding anything contained in section 65, whoever sells, buys, possesses or transports any intoxicant which is less than the quantity as specified by the State Government by notification in the Official Gazette, shall, on conviction, be punished,

for each such offence with imprisonment for a term which may extend to three years and also with fine.

6. આરોપી વિરૂધ્ધનું તહોમત પુરવાર કરવા માટે પ્રોસીકયુશન તરફે કુલ્લે ૩ સાહેદો: ત.ક.અ. તથા પંચોને તપાસેલા છે. ફરીયાદ પક્ષે આ કામે બંને પંચોને આં ક–૦૫ અને ૦૭ થી તપાસ્યા છે કે જેઓ પોલીસ રેઈડ વાળા પંચનામાના પંચ–સાહેદ છે. ફરીયાદ પક્ષના કેસ મુજબ સદરહું બંને પંચ–સાહેદ બનાવવાળી જગ્યાએ પોલીસ રેઈડ દરમ્યાન હાજર રહેલા છે, તેમની હાજરીમાં રેઈડ દરમ્યાન આરોપી પાસેથી ફરીયાદમાં જણાવેલ મુજબનો મુદ્દામાલ ૦૩ લીટર દેશી દારૂ મળી આવેલ. અત્રે એ નોં ધવુ જરૂરી છે કે, ફરીયાદમાં પંચોના નામનો ઉલ્લેખ જ નથી. વળી, આ બંને પંચો તેમની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે તૈયાર પંચનામામાં તેમની સહિ લીધેલી અને તે સિવાય બીજુ કશુ જાણતા નથી. તેમની ઉલટ–તપાસમાં પણ તેમની હાજરીમાં આરોપી પાસેથી દારૂ પોલીસે કબજે કર્યાની હકીકતને સમર્થન કરતા નથી. આથી, પં ચોની જુબાનીથી આરોપી પાસેથી દારૂ કબજે થયાની હકિકત પુરવાર થતી નથી.

7. ફરીયાદ પક્ષે આ કામે તપાસ કરનાર અમલદારને આંક–૮ થી તપાસેલા છે. તેઓ ફરીયાદ હકિકતે ગુન્હો નોંધી તપાસ તેમને સોંપાતા તપાસ કરેલી અને પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કર્યાનું જણાવે છે. તેમની ઉલટ તપાસમાંથી એ હકિકત બહાર આવેલી છે કે બનાવવાળી જગ્યાએથી માલીકીનો પુરાવો લીધેલો નથી કે એફ.એસ.એલ નો રિપોર્ટ હજુ સુધી રજુ કરેલો નથી.

8. આ કામે ફરીયાદ પક્ષે રજુ કરેલ ઉપરોકત તમામ પુરાવો ધ્યાને લેવામા આવે તો ફરીયાદ પક્ષના સાહેદોને રેડ દરમ્યાન કે તુરંત ત્યારબાદ સ્વતંત્ર સાહેદો મળી આવેલ હોવાની શકયતા રહેલ હતી તેમ છતા તેઓએ કોઈ સ્વતંત્ર સાહેદોને હાજર રાખેલા નથી કે તેઓના નિવેદન લીધેલા નથી. પંચનામું કરનાર રેઈડમાં સાથે હતા અને પંચનામું કર્યાનું જણાવે છે. પરંતુ આરોપી પાસેથી જે મુદ્દામાલ પકડાયાનો આક્ષેપ છે તે મુદ્દામાલ દારૂ હોવા બાબતે FSL રિપોર્ટ સામેલ નથી. વધુમાં, સદર કામના પંચ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી. આ તમામ સંજોગો અને હકિકતો ધ્યાને લેતા ફરીયાદપક્ષના સાહેદ કે જેઓ પોલીસ સાહેદ છે તેઓની જુબાનીના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેટલો સબળ પુરાવો નથી.

9. આમ, ફરીયાદ પક્ષ તેમનો કેસ પુરવાર કરવામા સફળ થયેલ ન હોય, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૨ ના જવાબમાં નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

<u>હુકમ</u>

1. આરોપી–કોકીલાબેન શશીકાંતભાઈ વસાવાનાઓને ધી ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ– ૬૫(એ)(એ) મુજબના ગુન્હામાંથી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૮(૧) અન્વચે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

2. સદર કામે આરોપીના અગાઉ રહેલા જામીનને અપીલ પેટેના જામીન સુધી ચાલુ રાખવામાં આવે છે અને જો જામીનદારને તે અંગે કોઈ વાંધો હોય તો તેઓ અત્રેની કોર્ટમાં જામીનદાર તરીકે છુટ્ટા થવાની અરજી કરી શકશે.

3. અગાઉ સદર કામે કોઈ મુદ્દામાલનો વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમી રાખવામાં આવે છે.

4. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબનો પ્રોહીબીટેડ મુદ્દામાલના નમુના સરકારશ્રીના નિયત કરેલ સમિતિ રૂબરૂ અપીલ સમય પુરો થયા બાદ નાશ કરવો.

હુકમ આજરોજ તારીખ: ૦૨જી માહે: **માર્ચ** સને **૨૦૨૩** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૦૨/૦૩/૨૦૨૩

**એચ.એસ.પટેલ**
**એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**જગડીયા**
**કોડ નં.જીજે.૦૦૯૬૯**

આર.ડી.સોલંકી–સ્ટેનો.